**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૯.૬ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૮ ટકા ● સાંજે ૯૫ ટકા

# આગામી ઓગષ્ટ માસથી પર્વોની ભરમાર

### નાગપંચમી, રક્ષાબંધન જેવા મોટા પર્વો સહિત શ્રાવણ માસનો મહિમા






ગાંધીનગર, તા.૩૦

હિંદુ કેલેન્ડરની પૂર્ણિમાની તારીખથી ઓગસ્ટ મહિનો શરૂ થઈ રહ્યો છે.અંગ્રેજી કેલેન્ડરના આ આઠમા મહિનામાં વર્ષ ૨૦૨૩માં ઘણા મહત્વના તહેવારો અને ઉપવાસ છે. આ મહિનામાં નાગ પંચમી છે. હરિયાળી તીજ, રક્ષાબંધન જેવા મોટા તહેવાર છે. તો બીજી તરફ સંકષ્ટી ચતુર્થી, છઠ્ઠ મંગલા ગૌરી વ્રત, પરમ એકાદશી, રવિ પ્રદોષ વ્રત, અધિકમાસ શિવરાત્રી, વિનાયક ચતુર્થી જેવા વ્રત છે.શ્રાવણના કારણે ઓગસ્ટ મહિનો ખૂબ જ પવિત્ર માનવામાં આવે છે. આ માસમાં રાખવામાં આવતા ઉપવાસ અને તહેવારોનું ભક્તોમાં ઘણું મહત્વ છે.

ચાલો જાણીએ કે ઓગસ્ટ મહિનામાં કયા મુખ્ય તહેવારો અને ઉપવાસ છે અને તેમની તારીખો શું છે.

### ઓગસ્ટમાં આવનારા તહેવારોની લિસ્ટ:

ઓગસ્ટ ૧, ૨૦૨૩ (મંગળવાર) - ઓગસ્ટ મહિનો અધિમાસની પૂર્ણિમાની તારીખથી શરૂ થઈ રહ્યો છે. આ દિવસે મંગળવાર હોવાથી મંગળા ગૌરી વ્રત પણ છે.

ઓગસ્ટ ૪, ૨૦૨૩ (શુક્રવાર) - આ દિવસે વિભુવન સંકષ્ટી ચતુર્થી વ્રત છે. ધાર્મિક માન્યતાઓ અનુસાર, આ દિવસે ઉપવાસ અને ભગવાન ગણેશની પૂજા કરવાથી દરેક સંકટમાંથી મુક્તિ મળે છે અને રાહુ કેતુની અસર પણ ઓછી થાય છે.

ઓગસ્ટ ૧૨, ૨૦૨૩ (શનિવાર) - આ દિવસે અધિમાસ મહિનાના કૃષ્ણ પક્ષની એકાદશી તિથિ છે. જેને પરમ એકાદશી તરીકે ઓળખવામાં આવે છે. આ દિવસે સ્નાન, દાન, પૂજા અને ઉપવાસ દ્વારા ભગવાન વિષ્ણુના આશીર્વાદની વર્ષા થાય છે.

ઓગસ્ટ ૧૩, ૨૦૨૩ (રવિવાર) - રવિ પ્રદોષ વ્રત ૧૩મી ઓગસ્ટના રોજ મનાવવામાં આવે છે. સનાતન ધર્મમાં તેનું વિશેષ મહત્વ છે.

ઓગસ્ટ ૧૪, ૨૦૨૩ (સોમવાર) - અધિક માસની શિવરાત્રી આ વખતે ૧૪ - ઓગસ્ટ ૨૦૨૩ના રોજ આવી રહી છે. આ દિવસે શિવરાત્રી અને સોમવારનો વિશેષ સંયોગ છે.

ઓગસ્ટ ૧૬, ૨૦૨૩ (બુધવાર) - અધિક માસની અમાસ ૧૬ ઓગસ્ટે છે. પિતૃઓના આશીર્વાદ મેળવવા માટે આ દિવસ ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. આ દિવસે જ અધિમાસનો અંત થશે.

ઓગસ્ટ ૧૭, ૨૦૨૩(ગુરુવાર) - ૧૭ ઓગસ્ટની શ્રાવણ માસની શરૂઆત થઈ રહી છે.

ઓગષ્ટ ૧૯, ૨૦૨૩(શનિવાર) - હરિયાળી તીજ

ઓગસ્ટ ૨૧, ૨૦૨૩(સોમવાર) - નાગ પંચમી, નાગદેવતાની પૂજા કરવામાં આવશે

ઓગસ્ટ ૨૭, ૨૦૨૩ (રવિવાર)- શ્રાવણ પુત્રદા એકાદશી

ઓગસ્ટ ૨૮,૨૦૨૩ (સોમવાર)- પ્રદોષ વ્રત

ઓગસ્ટ ૩૦,૨૦૨૩(બુધવાર)- રક્ષાબંધન, ભાઈ બહેન નો પવિત્ર પર્વ ઓગષ્ટના અંતિમ દિવસ માં આવી રહ્યો છે.

ઓગસ્ટ ૩૧, ૨૦૨૩ ( ગુરુવાર) - શ્રાવણ પૂર્ણિમા વ્રત

## રોટરી ક્લબ દ્વારા છોટે કિશાન કાર્યક્રમ




ગાંધીનગર, તા.૩૦

રોટરી ક્લબ ગાંધીનગર દ્વારા છોટે કિસાન કાર્યક્રમ અંતર્ગત તા. ૩૦-૭-૨૦૨૩ના રોજ શાકભાજી જેવા કે ટામેટા મરચા રીંગણ પાલક મેથી બીટ કાકડી વગેરેના બીજ તથા રોપાઓ નું વિતરણ રોટરી ક્લબ,સેક્ટર ૨૨ , ગાંધીનગર ખાતેથી કરવામા આવ્યું હતું.જેમાં ૫૦૦ થી વધારે બાળકોએ ભાગ લીધો હતો.



ગાંધીનગરને વધુ હરિયાળા બનાવવાના સંકલ્પ સાથે મેયર હિતેશભાઈ મકવાણા એ આજરોજ વોર્ડ નંબર ૫ ના સેક્ટર ૨૩ માંગલ્ય એપાર્ટમેન્ટ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમમાં સહભાગી બનીને છોડનું રોપણ કર્યું હતું. આ અવસરે મેયર એ પર્યાવરણની જાળવણી તેમજ આવનારી પેઢીને સ્વચ્છ વાતાવરણ માટે વધુ વૃક્ષારોપણ કરવા અને તેનું જતન કરવા અનુરોધ કર્યો હતો. ધારાસભ્ય રીટાબેન પટેલ, સ્વામિનારાયણ મંદિર (સે-૨૩)ના હરિચંદ્ર સ્વામીજી, કાઉન્સિલરો, સંગઠનના હોદેદારો, આગેવાનો તેમજ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.



શ્રીજી શ્રી ગોવર્ધન નાથજી હવેલી સેક્ટર ૨૧ ગાંધીનગર ખાતે અધિક માસ શ્રાવણ સુદ ૧૨ તા. ૩૦/૦૭/૨૦૨૩ રવિવારે અષ્ટ સખા દરબાર દર્શન યોજાયા હતાં.

## જન્મદિને વધામણી



**રમીલાબેન કાંતિભાઈ પરમાર**
ગાંધીનગર મહાનગર ભાજપ
મો. ૯૯૨૫૭ ૧૫૦૧૧



**શિલ્પા ભરત દેસાઈ**
પ્રેસીડેન્ટ, ઈન્ડિયન લાયોનેસ સ્વર્ણિમ ગાંધીનગર
મો. ૮૧૬૦૧ ૨૯૫૮૧



**ચાર્વી અનિલ પટેલ**



**સાધુ કનૈયાલાલ દયારામદાસ**



**પોપટલાલ એસ.પ્રજાપતિ**
પ્રદેશ મહામંત્રી, અખિલ ભારતીય પ્ર.મહાસંઘ
મો.૯૮૨૫૪ ૫૩૪૮૫



**દિનેશભાઈ વ્યાસ**

# અકસ્માતના જોખમ સહીત સમસ્યાઓ સામે ઝઝૂમતો નવા કોબા વિસ્તાર

### કોબા હાઇવે પરના મુખ્ય એન્ટ્રી પોઇન્ટ બંધ કરાયા હોવાથી પારાવાર મુશ્કેલી : જોખમી પુલ સાથેના તળાવમાં અને તેની આસપાસ ગંદકી તેમજ દબાણોની સમસ્યા : ગામમાં બિસ્માર રસ્તા અને વરસાદી પાણીના ભરાવા સહિતની અનેક સમસ્યાઓ




ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરનો વિકાસ "ન્યુ ગાંધીનગર" તરીકે જાણીતા બની રહેલા વિસ્તારમાં અત્યંત તેજીથી થઈ રહ્યો છે અને આ ન્યુ ગાંધીનગર કહેવાતા વિસ્તારમાં અને ગાંધીનગરની મહાનગરપાલિકામાં વોર્ડ નં.૧૦માં સમાવિષ્ટ થઈ ચુકેલું કોબા ગામ બે ભાગમાં વહેંચાયેલું છે જેમાં જુના કોબા અને નવા કોબાનો સમાવેશ થાય છે. નવા કોબા વિસ્તારમાં જુના વિસ્તારો ઉપરાંત નવા વિસ્તાર ઝડપથી વિકસી રહ્યાં છે. નવા કોબા વિસ્તારમાં જેમાં નગરયોજના નંબર ૧ અને ૨નું આયોજન પ્રસ્તાવિત છે તે વિસ્તાર પ્રથમ દ્રષ્ટિએ તો વિકસિત વિસ્તારની છાપ ઉભી કરે છે પરંતુ આ વિસ્તારમાં હજુ પણ કેટલીક સમસ્યાઓ નવા કોબાના વસાહતીઓને સતાવી રહી છે જે ઉકેલવી જરૂરી જણાઈ રહ્યું છે.




નવા કોબાની મુખ્ય સમસ્યા "કોબા હાઈવે" પરના અકસ્માતનું જોખમ છે અને તાજેતરમાં જ ભાજપના કમલમ કાર્યાલય નજીક સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં મહાનગરપાલિકાના સત્તા પક્ષના દંડકના ભાઈ અને ભત્રીજીનું કરુણ અવસાન થવા પામ્યું હતું. ન્યુ ગાંધીનગરને મુંબઈની જેમ "ઈસ્ટ" અને "વેસ્ટ" જેવા બે ભાગમાં વહેંચી નાખતા આ માર્ગ પર ભયજનક સ્પીડે દોડતા વાહનો એ મુખ્ય સમસ્યા છે અને તેની ગતિ નિયંત્રિત કરવાને બદલે તંત્ર દ્વારા નવા કોબા ગામમાં જવાના રસ્તાના એન્ટ્રી પોઈન્ટ બંધ કરી દેવાયા છે જેના કારણે ગ્રામજનોને છેક કોબા સર્કલ સુધી લાંબા થવું પડે છે. આ સિવાય અન્ય સમસ્યામાં નવા કોબાનું તળાવ જે કોબા હાઈવે નજીક એક નયનરમ્ય સ્થળ બની શકે એમ છે એને બદલે ગંદકીનું ઘર બનીને રહી ગયું છે. વળી આ તળાવ પરથી નવા કોબામાં પ્રવેશવાનો મુખ્ય માર્ગ છે તેના પરનો નાનો પુલ ગત વર્ષે એક તરફથી બેસી જતાં તેને અન્ય ફેન્સીંગથી કવર કરી દબાવી દેવામાં આવ્યો છે. આ તળાવની આસપાસ ખુલ્લી જમીનોમાં ગેરકાયદેસર પાકા દબાણો ખૂબ વધી ગયા છે. દબાણોની સમસ્યા નવા કોબા ગામમાં પણ એટલી જ જોવા મળી રહી છે. રામજી મંદિર પાસે બનાવયેલા સંપમાં નર્મદાના પાણીની વાટ નીરખી રહેલા નવા કોબામાં પાણીના ફોર્સની સમસ્યા છે તે રીતે તળાવ આસપાસ ઉપરાંત કમલમની બંને તરફ વધી ગયેલી ઝુંપડપટ્ટીના રહીશોને માટે બનાવયેલા જાહેર નળમાં પાણીનો ફોર્સ જ આવતો નથી જેના કારણે પાણી માટે લાઈનો લાગે છે.









"કોબા હાઈવે પરથી નવા કોબા ગામમાં જવાના તમામ રસ્તાના એન્ટ્રી પોઈન્ટ બંધ કરી દેવાયા છે જેના કારણે ગ્રામજનોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. માર્ગને લીધે બાળકોને સામેના તરફના વિસ્તારમાં રહેલી શાળાઓમાં જવામાં, ખેડૂતોને પોતાની જમીનો કે ખેતરમાં જવામાં અને નાગરિકોને સામેના તરફના વિસ્તારમાં પોતાના ધંધા રોજગાર માટે જવામાં ખુબ તકલીફ પડી રહી છે. આ સમસ્યા ઉકેલવા બંને ભાગને જોડતો અંડરપાસ બનાવવો જોઈએ જેથી શાળાએ જતાં બાળકો સહીત વાહનો વિના જોખમે પસાર થઈ શકે. "

- ભરતભાઈ પટેલ
સ્થાનિક અગ્રણી, નવા કોબા ગામ

નવા કોબા ગામમાં રોડ-રસ્તાની સુવિધા તો સારી છે પરંતુ મોટાભાગના આરસીસી અને પાકા રોડને પાઈપલાઈન નાંખવા માટે વચ્ચેથી ખોદી નાખ્યા પછી તેનું ફરી યોગ્ય રીતે નવીનીકરણ કરવામાં આવ્યું નથી જેના કારણે માર્ગો પર વરસાદી પાણીનો ભરાવો થવાથી કાદવ કિચડની સમસ્યા સર્જાય છે. કેટલાક માર્ગો પર તો એટલા ઊંડા ખાડા પડી ગયા છે કે રોડ પર તળાવ ભરાયા હોય તેવી સ્થિતિ જોવા મળે છે જેના કારણે વાહનચાલકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. નવા કોબામાં વરસાદી પાણીના ભરાવા સાથે કેટલેક ઠેકાણે ગટર ઉભરાવાની પણ સમસ્યા સતાવી રહી છે. જુના અને નવા કોબા વિસ્તારને આવરી લેતા મોટા વિસ્તારમાં દારૂ સહિતના દુષણો અને અસામાજિક તત્વોને નિયંત્રણમાં રાખવા પોલીસ ચોકીની પણ તાતી જરૂર છે.

"નવા કોબા ગામમાં મોટાભાગના આરસીસી અને પાકા રોડને પાઈપલાઈન નાંખવા માટે વચ્ચેથી ખોદી નાખ્યા પછી તેનું ફરી યોગ્ય રીતે નવીનીકરણ કરવામાં આવ્યું નથી જેના કારણે માર્ગો પર વરસાદી પાણીનો ભરાવો થવાથી કાદવ કિચડની સમસ્યા સર્જાય છે. નવા કોબામાં સ્ટ્રીટલાઈટો વારંવાર ગુલ થવાની સમસ્યા સતાવે છે જે સમસ્યાને નિવારવા માટે ત્રણેક વર્ષ અગાઉથી વીજ કંપનીમાં અરજી કરેલી છે અને ઘણીવાર રજૂઆતો પણ કરવામાં આવી પરંતુ હજુ સુધી એ કામ હાથ પર ધરાયું નથી. નવા કોબામાં વરસાદી પાણીના ભરાવા સાથે કેટલેક ઠેકાણે ગટર ઉભરાવાની પણ સમસ્યા સતાવી રહી છે."

- રાજેન્દ્ર પટેલ
સ્થાનિક અગ્રણી અને કોંગ્રેસની ઓલ ઈન્ડિયા કિસાન સમિતિના સભ્ય

"નવા કોબાનું તળાવ ગંદકીનું ઘર બનીને રહી ગયું છે. આ તળાવ પરનો પુલ ગત વર્ષે એક તરફથી બેસી જતાં તેને અન્ય ફેન્સીંગથી કવર કરી દબાવી દેવામાં આવ્યો છે પરંતુ આ ગમે ત્યારે જોખમી બની શકે તેવા આ પુલનું નવીનીકરણ સત્વરે કરવું જરૂરી છે. આ તળાવની આસપાસ ખુલ્લી જમીનોમાં ગેરકાયદેસર પાકા દબાણો ખૂબ વધી ગયા છે જેના કારણે ગંદકી પણ વધી રહી છે અને દુર્ગંધનો માહોલ સર્જાયો છે."

- પ્રવીણભાઈ પટેલ
સ્થાનિક અગ્રણી, નવા કોબા ગામ

ગામના યુવા અગ્રણીના જણાવ્યા અનુસાર નવા કોબા વિસ્તારના વિકાસ માટે આયોજિત ટીપી-૧ અને ટીપી-૨ને હજુ મંજુર કરાઈ નથી. એક સમયે રાષ્ટ્રપિતા ગાંધીબાપુના ધર્મપત્ની કસ્તુરબા ગાંધીએ જેનું ઉદ્દઘાટન કર્યું હતું તે સુપ્રસિદ્ધ કોબા પીટીસી કોલેજનું કેમ્પસ સુમસામ પડ્યું છે જેનો મહિલાલક્ષી શૈક્ષણિક સંકુલ વિકસવાય તે જરૂરી જણાઈ રહ્યું છે.

પ્રતિભાવો આવકાર્ય : samirtlaod@gmail.com